# India-Bangladesh Foreign Office Consultations

January 29, 2021

## ભારત-બાંગ્લાદેશ વિદેશ કચેરીનાં પરામર્શો

જાન્યુઆરી 29, 2021

1. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 29 જાન્યુઆરી, 2021 ના રોજ નવી દિલ્હીમાં વિદેશ કચેરીનાં પરામર્શો )FOC ( યોજવામાં આવ્યા હતા. ભારત તરફથી વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રિંગલા અને બાંગ્લાદેશ તરફથી વિદેશ સચિવ રાજદૂત મસુદ બિન મોમેને આ બેઠકની સહહતી કરી અધ્યક્ષતા-.

2. બાંગ્લાદેશના પ્રતિનિધિમંડળમાં વિદેશ સચિવ સાથે બાંગ્લાદેશના હાઈ કમિશનર મહામહિમ શ્રી મોહમ્મદ ઈમરાન, સચિવ રાજદૂત (પૂર્વ) મશફી શમ્સ અને બાંગ્લાદેશના વિદેશી બાબતો, વાણિજ્ય અને જળ સંસાધન મંત્રાલયોના પ્રતિનિધિઓ પણ પરામર્શોમાં હાજર હતા. ભારતીય પ્રતિનિધિમંડળમાં વિદેશ, ગૃહ, વાણિજ્ય અને ઉદ્યોગ, જલ શક્તિ અને નાણાં મંત્રાલયોના પ્રતિનિધિઓ શામેલ હતા.

3. બંને પક્ષોએ કોવિડ-19 સહયોગ, વેપાર, જોડાણ, વિકાસ ભાગીદારી, પાવર, ઉર્જા અને જળ સંસાધનો, પ્રાદેશિક અને બહુપક્ષીય સહકાર તેમજ સરહદ વ્યવસ્થાપન અને સુરક્ષા અને સંરક્ષણ સહયોગ જેવા ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી .ઉપરાંત માર્ચ 2021 માં ઢાકા ખાતેની વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ની આગામી મુલાકાત માટેની તૈયારીઓ અને રાજદ્વારી સંબંધોની 50મી જયંતિની ઉજવણીને લગતી પણ ચર્ચા કરવામાં આવી હતી.

4. બંને પક્ષોએ ભારતની નેબરહુડ ફર્સ્ટ પોલિસીને ધ્યાનમાં રાખીને બાંગ્લાદેશને કોવિશિલ્ડ રસીઓના 20 લાખ ડોઝની ભારતની ભેટ સહિત કોવિડ-19 સંબંધિત મુદ્દાઓ પરના ગાઢ સહકારની પ્રશંસા સાથે નોંધ કરી હતી .

5. બાંગ્લાદેશની મુક્તિની 50મી વર્ષગાંઠ, દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોના 50માં વર્ષ તેમજ બંગબંધુ શેખ મુજીબુર રહેમાનની જન્મ શતાબ્દીના સંદર્ભમાં, 2021 ના વર્ષનાં મહત્વને સમજતાં, બંને પક્ષે વર્તમાન સંકલનને વધુ મજબૂત બનાવવા આ વર્ષગાંઠો સંયુક્ત રીતે ઉજવવાનો નિર્ણય લેવાયો હતો. આ સંદર્ભમાં, બંને પક્ષોએ 2021 ની રિપબ્લિક ડે પરેડમાં બાંગ્લાદેશ ટ્રાઇ સર્વિસ માર્ચિંગ ટુકડીની ભાગીદારી માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી હતી. બંને પક્ષે 1971 અને બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ દરમિયાન ભારતીય અને બાંગ્લાદેશ સૈન્ય અને લોકોના સંઘર્ષ અને બલિદાન વિશે બંને દેશોની વર્તમાન પેઢીઓને યાદ અપાવવા આ પ્રસંગના મહત્વની નોંધ લીધી હતી.

6. FOC એ કોવીડ-19 ની પરિસ્થિતિ વચ્ચે પણ દ્વિપક્ષીય એક્સચેંજની તીવ્રતા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રતિનિધિમંડળોએ તાજેતરની બેઠકો જેવી કે બંને પક્ષોની 17 ડીસેમ્બર, 2020 ની વર્ચ્યુઅલ સમિટ પછી, ગુવાહાટીમાં 22-26 ડિસેમ્બર, 2020ની 51મી બીએસએફ વાટાઘાટો લેવલની જનરલ ડાયરેક્ટર બીજીબી -, 06 જાન્યુઆરી, 2021 ના રોજ યોજાયેલી જોઇન્ટ રિવર આયોગની તકનીકી કક્ષાની બેઠક, 12 જાન્યુઆરી, 2021 ના રોજ પ્રથમ પોલીસ વડાઓનો સંવાદ તેમજ 23 મી જાન્યુઆરી, 2021 ના રોજ વીજ ક્ષેત્રના સહયોગ અંગે 19 મી સચિવસંયુક્ત સ્તરની- સંચાલન સમિતિની બેઠક વગેરેની નોંધ લીધી હતી કોન્સ્યુલર બાંગ્લાદેશ-ભારત બીજો . સંવાદ28 જાન્યુઆરી ,2021 એ નવી દિલ્હીમાં યોજાયો હતો. બંને પક્ષે માર્ચ 2021 ની સમિટ પહેલાં જોઇન્ટ રિવર કમિશનની આગામી ગૃહ સચિવ સ્તરની વાટાઘાટો, વાણિજ્ય સચિવ સ્તરની વાટાઘાટો અને જોઇન્ટ રિવર કમિશનની સચિવ સ્તરની બેઠક યોજવા પણ સંમત થયા હતા.

7. દ્વિપક્ષીય સહકારની સ્થિર ગતિ અને લોકો પારસ્પરિક સંબંધોને જાળવવા પણ સંમત થયા હતા. આ સંદર્ભે, બંને પક્ષોએ એર ટ્રાવેલ બબલ ગોઠવણીના નવીકરણથી સંતોષ વ્યક્ત કર્યો છે જે બંને પક્ષો વચ્ચે આવશ્યક મુસાફરીને સરળ બનાવશે.

8. બંને પક્ષોએ દ્વિપક્ષીય ભાગીદારીમાં લાઇન્સ ઓફ ક્રેડિટના ઝડપી અમલીકરણના મહત્વની નોંધ લીધી. 03 જાન્યુઆરી, 2021 ના રોજ યોજાનારી તેની પ્રથમ બેઠક સાથે ઉચ્ચ નિરીક્ષણ ભાગીદારી વિકાસ સ્તરની-પદ્ધતિનો અમલ થયો હોવાનો સંતોષ વ્યક્ત કરતા બંને પક્ષોએ ભંડોળના ઉપયોગમાં વધારો કરવાની અને મંજૂરી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત અને ઝડપી બનાવવા પર ભાર મૂક્યો હતો.

9. એમ્બેસેડર મસુદ બિન મોમેન નવી દિલ્હીના તેમના નિવાસ દરમિયાન વિજ્ઞાન ભવનમાં આયોજિત બંગબંધુ - બાપુ ડિજિટલ પ્રદર્શન અને સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસમાં ભારતીય વિદેશ સેવા અધિકારી તાલીમાર્થી સાથે વાતચીત કરશે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 29, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.